# મહેરબાન નાયબ ચેરીટી કમીશ્નર સાહેબ ની કોર્ટમાં

ફેરફાર રીપોર્ટ નં. ૧૬૭/૦૮

એકતરફવાળા : શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ-અમદાવાદ. ટ્રસ્ટ રજીનં- એ-૧૮૨૪. અમદાવાદ.
નાનુભાઈ એમ. વાળંદ, મંત્રી અને રીપોર્ટીંગ ટ્રસ્ટી.

વિરૂધ્ધ.

સામાવાળા : કોઈનહિ.

**બાબત : ફેરફાર રીપોર્ટ ન. ૧૬૭/૦૮ દફતરે કરવા બાબત.**

શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ અમદાવાદના અગાઉના હોદ્દેદારોએ મે.ચેરીટી કમીશ્નર અમદાવાદ સાહેબની કોર્ટમાં કલમ-૪૧ એ હેઠળ પરચુરણ ન્યાયી અરજી નં. ૬૪/૦૭નો કેસ ચાલુ હતો. તેમ છતાં તા-૨૨-૧૨-૦૭ના રોજ એક પક્ષીય રીતે ચુંટણી જાહેર કરેલ જેનાં અનુસંધાને મહેરબાન ચેરીટી કમીશ્નર સાહેબે આંક-૪૮ હેઠળ તા.૧૦-૧૨-૦૭ના રોજ હુકમ કરી તા.૨૨-૧૨-૦૭ની ચુટણી ઉપર સ્ટે આપવામાં આવેલ.

તેમ છતાં તે વખતના હોદ્દેદારોએ આ બધી બાબતો ધ્યાનમાં લીધા વગર એક પક્ષીય રીતે-દાદાગીરી કરીને તા.૨૨-૧૨-૦૭ના રોજ ચુંટણી કાગળ ઉપર બતાવીને ફક્ત હદ્દેદારો અને કારોબારી સભ્યો કે જેઓ ટ્રસ્ટીઓ નથી તેમનો આ ફેરફાર રીપોર્ટ દાખલ કરેલ છે.

હવે નામદાર ચેરીટી કમીશ્નર સાહેબે આ પરચુરણ ન્યાયી અરજી નં-૬૪/૦૭ના અનુસંધાને અંક-૬૧ હેઠળ તા.૧૬-૦૨-૦૮ના રોજના ફાઈનલ વિસ્તૃત હુકમમાં આવી ચુંટણીની કાર્યવાહી રદ ગણેલ છે અને નવેસરથી ચુંટણી યોજવા હુકમ કરેલ હતો.

આ બાબતે નામદાર હાઈકોર્ટમાં બે સ્પેશીયલ સિવીલ એપ્લીકેશન અને ત્યારબાદ એલ.પી.એ.નં. ૫૦૫/૦૮ના હુકમ બાદ નામદાર ચેરીટી કમીશ્નર સાહેબે મુખ્ય ચુંટણી અધિકારી તરીકે શ્રી જે.પી.પરમાર અને મદદનીશ ચુંટણી અધિકારી તરીકે શ્રી ડી.એ. સાધુ ની નિમણુંક કરી તા.૫-૧૦-૦૮ના રોજ ચૂંટણી કરાવી આપી છે. આ ચુંટણીમાં ચુટાયેલા ૧૪ હોદ્દેદારો, ૩૧ કારોબારી સભ્યો અને ૧૦૧ મહાસમિતિના સભ્યનાં નામ પી.ટી.આરમાં દાખલ કરવાં જરૂરી ન હોવાથી આપની ઓફિસને આ ચૂંટણીમાં ચુંટાયેલા હોદ્દેદારોની ફક્ત નોંધ લેવા તા.૭-૧૦-૨૦૦૮ના રોજ પત્ર લખેલ હતો.

ઉપરાંત આ ખોટી રીતે તા.૨૨-૧૨-૦૭ના રોજ ચુંટાયેલા હોદ્દેદારોની મુદત પણ અમારા બંધારણ પ્રમાણે એક વર્ષની મુદત પુરી થઈ ગઈ હોવાથી આ ફેરફાર રીપોર્ટ રદ કરવો જરૂરી છે.

હવે અમો નવા હોદ્દેદારો પણ આ બાબત અને આ ફેરફાર રીપોર્ટ ગેરકાયદેસર હોઈ તે દફતરે કરવા વિનંતી કરીએ છીએ.

તારીખ : ૨૦-૦૮-૦૯

નાનુભાઈ એમ. વાળંદ
(નાનુભાઈ એમ. વાળંદ)
મંત્રી/ટ્રસ્ટી
શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ

બીડાણ (૧) આંક ૪૮ હેઠળનો ચુંટણી મનાઈ માટેનો હુકમ તા. ૧૦-૧૨-૦૭.
(૨) આંક ૬૧ હેઠળનો નવેસરથી ચુંટણી કરવાનો ફાઈનલ હુકમ તા. ૧૬-૦૨-૦૮.
(૩) તા. ૫-૧૦-૦૮ ના રોજ થયેલ કાયદેસરની ચુંટણી અન્વયે ચુંટાયેલા હોદ્દેદારોની નોંધ લેવા આપને પાઠવવામાં આવેલ વિગતવાર પત્ર.

**ટ્રસ્ટનુ નામ :- શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ**
**નોંધણી નં.એ/૧૮૨૪/અમદાવાદ**

**ફેરફાર રીપોર્ટ નં.૧૬૭/૨૦૦૮.**

## -: આંક-૩ નીચે હુકમ :-

આ કામના અરજદારે શ્રી નાનુભાઇ એમ. વાળંદે અરજી રજુ કરી ફેરફાર રીપોર્ટ દફતરે કરવા માંગણી કરેલી છે. અરજીમા જણાવેલ છે કે, આ ટ્રસ્ટના અગાઉના હોદ્દેદારોએ ચેરિટી કમિશ્નરશ્રી, અમદાવાદ સમક્ષ ન્યાય પરચુ. અરજી નં.૬૪/૨૦૦૭ કલમ-૪૧/એ હેઠળ ચાલુ હતી છતા તા.૨૨/૧૨/૨૦૦૭ના એકપક્ષીય ચુંટણી જાહેર કરેલ જેના અનુસંધાને ચેરીટી કમિશ્નરશ્રીએ તા.૧૦/૧૨/૨૦૦૭ના રોજ આંક-૪૮ હેઠળ હુકમ કરી, તા.૨૨/૧૨/૨૦૦૭ની ચુંટણી ઉપર સ્ટે આપ્યો. તેમ છતાં, તે વખતના હદ્દેદારોએ આ બધી બાબતો ધ્યાનમા લીધા સિવાય એકપક્ષીયરીતે દાદાગીરી કરીને તા.૨૨/૧૨/૨૦૦૭ના રોજ ચુંટણી કાગળ ઉપર બતાવીને જે ટ્રસ્ટીઓ નથી તેમનો ફેરફાર રીપોર્ટ દાખલ કરેલ છે. ચેરીટી કમિશ્નરશ્રીએ ન્યાય પરચુ. અરજીના કામે આંક-૬૧ હેઠળ તા.૧૬/૨/૨૦૦૮ના રોજ હુકમ કરી, ચુંટણીની કાર્યવાહી રદ કરી, નવેસરથી ચુંટણી યોજવા હુકમ કરેલ તેની સામે નામ. ગુજરાત હાઇકોર્ટમા બે સ્પે. સીવીલ એપ્લીકેશન અને ત્યાર બાદ એલ.પી.એ.નં.૫૦૫/૨૦૦૮ ના હુકમ બાદ ચેરીટી કમિશ્નરશ્રીએ મુખ્ય ચુંટણી અધિકારી તરીકે શ્રી જે. પી. પરમાર તથા મદદનીશ ચુંટણી અધિકારી તરીકે શ્રી કે. એ. સાધુની નીમણુંક કરી તા.૭/૧૦/૨૦૦૫ના રોજ ચુટણી કરાવી આપી છે. આ ચુંટણીમા ચુંટાયેલા ૧૪-હોદ્દેદારો, ૩૧-કારોબારી સભ્યો અને ૧૦૧-મહાસમીતીના સભ્યોના નામ પી.ટી.આર.મા દાખલ કરવા જરુરી ન હોવાથી ફકત હોદ્દેદારોની નોંધ લેવા તા.૭/૧૦/૨૦૦૮ના રોજ પત્ર લખેલ હતો. ખોટી રીતે ચુંટાયેલા હોદ્દેદારોની મુદત પુરી થઇ ગઇ હોવાથી પણ ફેરફાર રીપોર્ટ રદ કરવો જરુરી છે. આ ફેરફાર રીપોર્ટ ગેરકાયદેસરનો હોવાથી રદ કરવા માંગણી કરેલી છે. જે અરજી સામાપક્ષના જવાબ તથા સુનાવણી ઉપર રાખવાનો હુકમ કરતા આંક-૬ થી શ્રી નાનુભાઇ જી. વાજાએ પોતાની વાંધા અરજી રજુ કરેલી છે.

શ્રી નાનુભાઇ વાજાની રજુઆત છે કે, ચેરીટી કમિશ્નરશ્રીએ તા.૧૭/૧૨/૨૦૦૭ના રોજ આંક-૧૭, આંક-૨૩ તથા આંક-૪૪ હેઠળ કરેલા હુકમો ટ્રસ્ટને બજાવેલા નથી અને તે અંગેની એફીડેવીટ શ્રી વાજાએ ન્યાય પરચુ. અરજી નં.૬૪/૨૦૦૭મા રજુ કરેલી છે.

રજુ કરેલી એફીડેવીટ નકારવામા આવેલી નથી તેમજ એફીડેવીટ ખોટુ છે તેવો હુકમ ઉલ્લેખ કરવામા આવેલો નથી. ખોટુ એફીડેવીટ હોય તો કોઇ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામા આવી નથી. તેથી ચેરીટી કમિશ્નરશ્રીનો હુકમ બજયો નથી તે સાબીત થાય છે વિગેરે રજુઆતો કરેલ છે. ચેરીટી કમિશ્નરશ્રી દ્વારા આંક-૬૧ થી તા.૧૬/૨/૨૦૦૭ના રોજ કરવામા આવેલ હુકમ નામ. ગુજરાત હાઇકોર્ટ સ્પે.સી.એ. ૩૮૬૪/૨૦૦૮થી રદ કરેલ છે. અરજદારોએ આ હકીકત અત્રેની કચેરી સમક્ષ છુપાવેલ છે. બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની કલમ-૨૨ હેઠળ ટ્રસ્ટમા થયેલ ફેરફાર ભરવો ફરજીયાત છે. આગઉ પણ તા.૨૨/૮/૨૦૦૪ સબધે ચુંટણીથી થયેલ ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ મંજુર કરવામા આવેલો છે. તા.૫/૧૦/૨૦૦૮ના રોજ કરવામા આવેલ ચુટણી અંગેનો ફેરફાર રીપોર્ટ પી.ટી.આર.મા દાખલ કરવો જરુરી નથી તેવી રજુઆત સાથે પોતે સમંત નથી તેવુ પણ જાહેર કરેલ છે. ચેરીટી કમિશ્નરશ્રીએ ન્યાય પરચુ. અરજી નં.૬૪/૨૦૦૯નો હુકમ કરી ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ દફતરે કરવામા આવેલ છે તેવુ જણાવેલ છે. હકીકતમા ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ મંજુર થયાની પ્રમાણીત નકલ રજુ કરેલી છે અને બન્ને ફેરફાર રીપોર્ટ કચેરીમા મોજુદ છે. જેનુ ઇન્સ્સપેકશન પોતે માંગેલ છે પરંતુ, મંજુર કરાયાની જાણ તેઓને કરવામા આવેલી નથી. આ ઉપરાંત ફેરફાર રીપોર્ટ નં.૩૨૮/૨૦૦૯ બાબતે પણ રજુઆત કરેલી છે. નાયબ ચેરીટી કમિશ્નરશ્રીએ ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫, તથા ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ તટસ્થાતાથી ચકાસણી કરી મંજુર કરવામા આવેલા છે અને દફતરે કરવામા આવેલ છે. તે સંજોગોમા સદરહુ ફેરફાર રીપોર્ટ મંજુર કરવા માંગણી કરેલી છે. આ ફેરફાર રીપોર્ટની નો્ધ પી.ટી.આર.મા કરવામા આવેતો પોતાને વાધો નથી.

આંક-૩ની અરજીના સમર્થનમા નિશાની ૩/૧ થી ન્યાય પરચુ. અ.નં.~~૩૪/૨૦૦૮~~ ૬૭/૦૯ના કામે આંક-૪૮ થી થયેલ હુકમની નકલ, નિશાની ૩/૨ થી આંક-૬૧ થી થયેલ હુકમની નકલ, નિશાની ૩/૩ થી તા.૭/૧૦/૨૦૦૮ ના રોજ અત્રેની કચેરીને શ્રી નાનુભાઇ વાળંદે લખેલ પત્રની નકલ, નિશાની ૩/૪ થી તા.૫/૧૦/૨૦૦૮ના ઠરાવ નં.૪ની નકલ, તથા કારોબારી સમીતીની યાદી તથા ચુંટણી સમીતીના સભ્યોની નકલ, તથા નિશાની ૩/૬ થી ફેરફાર રીપોર્ટની નકલ રજુ કરેલ છે. તથા આંક-૬ ની અરજી સાથે આંક-૭ના પુરાવા લીસ્ટથી શ્રી નાનુભાઇ વાજાએ નિશાની ૭/૧ થી ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ ની સર્ટીફાઇડ નકલની ઝેરોક્ષ, નિશાની ૭/૨ થી પી.ટી.આર.ની સર્ટીફાઇડ નકલની ઝેરોક્ષ, નિશાની ૭/૩ થી સ્પે.સી.એ.૩૮૭૬/૨૦૦૮ના કામે નામ. ગુજરાત હાઇકોર્ટે તા.૨૯/૨/૨૦૦૮ના રોજ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે.

આંક-૩ના સંદર્ભમા અરજદાર તરફે એડવોકેટ શ્રી સી.જી શર્મા તથા શ્રી કે. આર. પારેખને સાંભળયા તથા સામાવાળા તરીકે શ્રી નાનુભાઇ જી વાજાની મૌખિક દલીલો સાંભળી. આંક-૩ના અરજદાર તરફે શ્રી શર્માએ પોતાની મોખિક દલીલોમા આંક-૩ની રજુઆતને સમર્થન કરેલુ છે. તથાચેરિટી કમિશ્નરશ્રીએ તા.૧૬/૨/૨૦૦૮ના રોજ હુકમ કરી ચૂંટણી રદ કરી તે હુકમ વિરુધ્ધ શ્રી વાજાએ વિવાદ કોઇ કોર્ટ કચેરીમા ઉભો કરેલો નથી અને આ હુકમ મુજબ ચુંટણી રદ થયેલી હોવાથી ફેરફાર રીપોર્ટ એપ્લીકેબલ નથી. ચેરિટી કમિશ્નરશ્રીના હુકમ વિરુધ્ધ નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પે.સી.એ. નં.૩૮૭૬/૨૦૦૮ દાખલ થઇ તેમા ચુટણી અંગે જરુરી ડાયરેશકન આપેલા છે. ચેરિટી કમિશ્નરે ન્યાય પરચુ. અરજી અંગે આંક-૬૧ થી કરેલ હુકમના પેરા.૧૧ થી આ ચુટણી ન્યાયોચીત ગણેલી નથી તથા પી.ટી.આર.મા શરુથી હોદેદારોની નોંધ થતી નથી માત્ર ટ્રસ્ટીઓ જ નોંધાય છે. ઉપરોક્ત સ્પે.સી.એ.વિરુધ્ધ નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જે એલ.પી.એ. દાખલ થયેલી તેના હુકમ વિરુધ્ધ કોઇ અપીલ/રીવીજન થયેલ નથી. આ ઉપરાંત ફેરફાર રીપોર્ટ નિયત નમુનામા નથી તેથી પણ રદ કરવો જોઇએ તેવી માંગણી કરેલી છે. સામાપક્ષે શ્રી નાનુભાઇ વાજાએ પણ પોતાના જવાબને સમર્થન કરેલ છે તથા મૌખિક દલીલોમા જાહેર કરેલ છે કે, ચેરિટી કમિશ્નરશ્રીએ ચુટણી રદ કરેલી નથી તથા એલ.પી.એ. નં.૫૦૫/૨૦૦૮ના કામે નામ. ગુજરાત હાઇકોર્ટે ફરીથી ચુટણી કરવાનો હુકમ કરી અપીલ રદ કરેલી છે. આમ, ટ્રસ્ટ અંગેના વિવાદોમા જે વચગાળાનો સમય ગયો છે તે સમય માટે આ ફેરફાર રીપોર્ટથી નીમાયેલી કમીટીએ વહીવટ કરેલો હોવાથી પણ ફેરફાર રીપોર્ટ મંજુર કરવો જરુરી છે. જો ફેરફાર રીપોર્ટ નામંજુર કરવામા આવે તો કાયદાકીયરીતે ફેરફાર રીપોર્ટના અરજદારોની કોઇ જવાબદારી રહેતી નથી. પોતે દાદાગીરીથી કોઇ ચુટણી કરેલી નથી. ટ્રસ્ટનુ કન્ટ્રોલીંગ હોદ્દેદારોના હાથમા હોવાથી હોદ્દેદારોના નામ પણ પી.ટી.આર.મા દાખલ કરવા જરુરી છે. હોદેદારોનો ફેરફાર રીપોર્ટ રજુ કરવાની જરુર નથી તેવુ અરજદારે જણાવેલ છે તે ખોટુ છે અને તે અંગેનો કોઇ દસ્તાવેજ કોર્ટ સમક્ષ મુકેલો ન હોઇ કોગ્નીઝન્સ લઇ શકાય નહિ. અગાઉ ૧૯૫૭ના હોદેદારોનો ફેરફાર રીપોર્ટ પી.ટી.આર.મા દાખલ થયેલો છે. વિગેરે રજુઆતો મૌખિક દલીલોમા થયેલી છે.

આ કામે નિર્ણય કરવાનો થાય છે કે ફેરફાર રીપોર્ટનો પ્રાથમિક તબક્કે જ નિર્ણય કરવાપાત્ર છે કે કેમ? જેનો નિર્ણય હું હકારાત્મક ઠરાવુ છે જેના કારણો નીચે મુજબ છે.

આંક-૩મા જાહેર કર્યા મુજબ ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ સમક્ષની ન્યાય પરચુ.અ.નં.૬૪/૨૦૦૭ દાખલ થયાનુ તથા તે કામે ચેરિટી કમિશ્નરશ્રીએ

તા.૧૦/૧૨/૨૦૦૭ના રોજ વચગાળાનો હુકમ કરી, તા.૨૨/૧૨/૨૦૦૭ના રોજની જાહેર કરેલી ચુટણી અંગેની તમામ કાર્યવાહી મોકુફ રાખવાનો હુકમ કરેલ છે. જે હુકમની જાણ શ્રી નાનુભાઇ વાજાને થયેલી નથી તેવો બચાવ આ કામે તેમણે લીધેલો છે પરંતુ, તે બાબત અત્રેની કચેરીના વિષયવસ્તુ બહારની હોઇ કોઇ નિર્ણય લેવાનો થતો નથી. શ્રી વાજાની જાણ બહાર ચેરિટી કમિશ્નરશ્રી એ હુકમ કરેલો હોય તો તેવા હુકમને એપેક્ષ કોર્ટ સમક્ષ પડકારવાનો થાય છે. અત્રેની કચેરીમાં તે અંગેની રજુઆત સાંભળવાની રહેતી નથી. આંક-૪૮ હેઠળ હુકમ થયા બાદ પણ આંક-૬૧ હેઠળ ચેરિટી કમિશ્નરશ્રીએ તા.૧૬/૨/૨૦૦૮ના રોજ હુકમ કરી ટ્રસ્ટની નવેસરથી ચુંટણી યોજવા માટે જરુરી ડાયરેક્શન આપેલા છે અને તા.૨૨/૧૨/૨૦૦૭ના રોજ થયેલી ચુટણી ન્યાયોચીત નથી તેવો પણ પોતાના ઓબ્ઝર્વેશનમા ઉલ્લેખ કરેલ છે તથા પેરા.૧૨ ઉપર સ્પષ્ટપણે નીરીક્ષણ કરેલ છે કે, તા.૨૨/૧૨/૨૦૦૭ના રોજ ટ્રસ્ટના નવા અને સુધારેલા બંધારણ મુજબ કાર્યવાહી કરેલી હોય તો તેવી કાર્યવાહી કાયદેસરની ગણાતી નથી. આમ, જયારે ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજયનાએ તા.૨૨/૧૨/૨૦૦૭ ની ચુટણીને ગેરકાયદેસરની ગણાવેલી છે ત્યારે તા.૨૨/૧૨/૨૦૦૭ની ચુટણીના આધારે રજુ થયેલો ફેરફાર રીપોર્ટ કાનુની હોવાનુ ઠરાવી શકાય તેમ નથી. આ ઉપરાંત, આંક-૧ની વિગતો જોતા ટ્રસ્ટે હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા મહાસમીતીના સભ્યોનો ફેરફાર કરેલ હોવાનુ માલુમ પડેલ છે. બંધારણની કલમ-૮(૪) મુજબ ટ્રસ્ટી મંડળની અલગ જોગવાઇ કરવામા આવેલી છે અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની કલમ-૧૭ તે બોમ્બે પબ્લીક રુલ્સ ૧૯૬૧ ગુજરાતના નિયમ-૫ સાથે વાંચતા, નિયત નમુનાના પરિ.૧મા કોલમ નં.૩ વંચાણે લેતાં ટ્રસ્ટીઓનો અને મેનેજરોના નામ દાખલ કરવા જોગવાઇ છે. તેથી ટ્રસ્ટની બંધારણીય જોગવાઇ તથા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની જોગવાઇ મુજબ ટ્રસ્ટી મંડળ સિવાયની સમીતીઓના નામો દાખલ કરવાપાત્ર થતા નથી તેથી તા.૨૨/૧૨/૨૦૦૭ની ચુટણીના આધારે રજુ થયેલ ફેરફાર રીપોર્ટ ગ્રાહય રાખી શકાય તેમ નથી. ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજયના હુકમ વિરુધ્ધ નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પણ વિવાદો ચાલેલા હોવાનુ આ કામે રજુ થયેલા રેકર્ડ ઉપરથી માલુમ પડે છે. પરંતુ, નામ. ગુજરાત હાઇકોર્ટે પણ નવેસરથી ચુટણી કરવા અંગેના જ જરુરી ડાયરેક્શનો ટ્રસ્ટને આપેલા છે અને ચુટણી અંગેનું જરુરી ટાઇમટેબલ પણ ગોઠવી આપેલ છે. તે તમામ બાબતો લક્ષમા લેતા તા.૨૨/૧૨/૨૦૦૭ના રોજ થયેલી ચુટણી અંગેનો સદરહુ ફેરફાર રીપોર્ટ નામ. ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજયના હુકમ વિરુધ્ધનો તેમજ ટ્રસ્ટની બંધારણીય તેમજ કાનુની જોગવાઇઓ વિરુધ્ધનો હોવાથી ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ ઉપરાંત, શ્રી વાજાએ જે રજુઆતો કરેલી છે તે જોતા અગાઉ નિકાલ થયેલા ફેરફાર રીપોર્ટ અંગે અત્રેથી કોઇ

કાર્યવાહી કરવાની થતી નથી. આ ઉપરાંત, ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ અને ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ બાબતે પણ આ તબક્કે કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી. શ્રી વાજાએ જણાવેલ છે કે આ ફેરફાર રીપોર્ટ મંજુર કરવામા આવે તો નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ અનુસાર નવેસરથી ચુટણી થઇ ત્યા સુધીના વચગાળાના સમયમા હાલના ફેરફાર રીપોર્ટથી ચુટાયેલી કમીટીએ જે કોઇ વહીવટ કર્યો હોય તેઅંગે તેમની કોઇ જવાબદારી રહેતી નથી. આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે, વિક્રમદાસ વિરુધ્ધ દોલતરામના કેસમાં એઆઇઆર ૧૯૫૬ સુપ્રિમ કોર્ટ ૩૮૬ માં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ કાનુની હકક ન હોવા છતાં વહીવટકર્તા ટ્રસ્ટીઓને ડીફેકટો ટ્રસ્ટી ગણી શકાય. જે વ્યકિતઓ કોઇપણ પ્રકારના હક સિવાય ટ્રસ્ટી તરીકે કામગીરી કરે છે ત્યારે ટ્રસ્ટી તરીકેની વહીવટી અને નાંણાકીય જે કોઇ કામગીરી કરેલી છે અને જે કાંઇ મેળવેલુ છે તેના માટે પોતે જવાબદાર ગણાય છે તેથી જે વહીવટી કમીટીએ વચગાળાના સમયમાં વહીવટ કરેલો છે તેથી સંપૂર્ણ જવાબદારી ડીકેફટો ટ્રસ્ટીઓની રહે છે. અને આ રીતે તેઓ કાયદાની પરીભાષા મુજબ ડીફેકટો ટ્રસ્ટી ગણાય છે. તેથી તેઓની જવાબદારી રહેતી નથી તે બાબત માની શકાય તેમ નથી કે સદરહુ ફેરફાર રીપોર્ટ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી પ્રાથમિક તબક્કે જ આ કામનો નિર્ણય કરવાપાત્ર છે તેવુ ઠરાવુ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## :: હુકમ ::

આંક-૩ ની અરજી મંજુર કરવામા આવે છે. અને પ્રાથમિક તબક્કે જ આંક-૧ ઉપરના આખરી હુકમ માટે આ કામ રાખવામા આવે છે. હુકમની જાણ પક્ષકારો તથા અધિકૃત પ્રતિનિધિઓને કરવી. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

તારીખ :- ૯/૧૦/૨૦૦૯ નાયબ ચેરીટી કમિશ્નર,
સ્થળ :- અમદાવાદ. અમદાવાદ પ્રદેશ, અમદાવાદ.

નકલ ખર્ચ રૂ.
મુકાબલ ખર્ચ રૂ.
પેપર ખર્ચ રૂ.
કુલ ખર્ચ રૂ.

નકલ કરનાર
મુકાબલા કરનાર
શાખા

નકલ અરજી આવ્યા તા. ૮.૧૨.૦૭ — કે/ઓ ૧૯૭/૦૭

નકલ તૈયાર કર્યા તા. ૧૨.૧૨.૦૭

નકલ આપ્યા તા. ૧૩.૧૨.૦૭

**મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ-૨૨ મુજબ પબ્લીક ટ્રસ્ટ (ગુજરાત) રૂલ્સ, ૧૯૬૧ ના નિયમ ૧૩(૧) અન્વયેના ફોર્મનો નમુનો શિડયુલ-૩**

સાર્વજનિક ટ્રસ્ટનું નામ : શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ ટ્રસ્ટનો નોંધણી નંબર : એ-૧૮૨૪, અમદાવાદ.

ટ્રસ્ટનું સરનામું : પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન નં. ૨૬૩૦૩૦૨૮

| ફેરફારનો પ્રકાર | | ફેરફારના કારણો | રિમાર્ક |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| નવા નિમાયેલા હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા મહાસમિતિના સભ્યો. | | | |
| **પ્રમુખ**<br>૧) શ્રી ભાનુભાઈ નરોત્તમદાસ વૈદ્ય<br>૧૫૬-એ, સરદારનગર, હાંસોલ,<br>અમદાવાદ-૩૮૨૪૭૫<br><br>**ઉપપ્રમુખો : (પાંચ)**<br>૨) શ્રી મહેશભાઈ રમણલાલ પારેખ<br>૭-એ, વિદ્યુતનગર સોસાયટી<br>નડિયાદ-૩૮૭૦૦૧<br><br>૩) શ્રી પ્રવિણચંદ્ર કેશવલાલ ભાટીયા<br>ડી/૧૩૮૪, સ્વીટીપાર્ક સોસાયટી,<br>ઉમિયાધામ પાસે, અંબિકાનગર,<br>ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫<br><br>૪) શ્રી ગોવિંદભાઈ વિઠ્ઠલદાસ નાયી<br>૬, શાલિભદ્ર સોસાયટી, નિર્ણયનગર<br>પાસે, ચાંદલોડીયા, અમદાવાદ-૩૮૨૪૮૧<br><br>૫) શ્રી વિજયભાઈ ધિરૂભાઈ બગથરીયા<br>ટી/૪૬, શરણમ-૭, ચંદન ફાર્મ પાર્ટી પ્લોટ<br>સામે, રામદેવનગર, સેટેલાઈટ,<br>અમદાવાદ- ૩૮૦૦૧૫ | ૬) શ્રી શિવરામભાઈ બાબુલાલ પારેખ<br>૧૮, પંચવટી બંગલોઝ, સરકારી<br>ટયુબવેલ સામે, ટેલિફોન એક્ષચેન્જ સામે,<br>બોપલ, અમદાવાદ.૭) શ્રી કિરીટભાઈ<br>મનુભાઈ ભટ્ટી<br><br>૭) બી/૪૩, સૂર્યવન એપાર્ટમેન્ટ,<br>જજીસ બંગલા ચાર રસ્તા પાસે,<br>અમદાવાદ-૩૮૦૦૧૫<br><br>૮) શ્રી રમેશચંદ્ર મોતીલાલ વૈદ્ય<br>એ/૧/૧૨૦, સ્વીપાર્ક રો-હાઉસ,<br>મધુવંદ સોસાયટી, ઘાટલોડીયા,<br>અમદાવાદ-૩૮૦૦૬૧<br><br>**સહમંત્રીઓ (બે)**<br>૯) શ્રી શશાંક ચંદુલાલ પારેખ<br>૧૧૬, વૈષ્ણોદેવી સોસાયટી,<br>માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧<br>૧૦)શ્રી ભૂપેન્દ્રભાઈ ગોરધનદાસ પારેખ<br>૧, હેમાપાર્ક સોસાયટી, મારૂતિ<br>હોસ્પિટલની બાજુમાં, મેમનગર,<br>અમદાવાદ-૩૮૦૦૫૨ | ગુજરાત વાળંદ સેવા સંઘનું બંધારણ અમદાવાદમાં તા.[illegible] ના રોજ મળેલ મહાસમિતીની સભામાં તેમજ તા. ૨૭-૨૮ જાન્યુઆરી, ૧૯૫૮ ના રોજ મળેલા અધિવેશનમાં અને તા.૨૪ મે, ૧૯૫૮ ના રોજના ખંભાત મુકામે વાર્ષિક સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલું છે.<br>આ બંધારણ મે. ચેરીટી કમીશનરશ્રી સમક્ષ મંજુરી માટે રજુ કરવામાં આવતા મે. ચેરીટી કમીશનરશ્રીની કચેરીમાં રાખવામાં આવતા પી.ટી.આર. રજીસ્ટરમાં કોલમ-૬ માં નીચે મુજબ નોંધ કરવામાં આવેલી છે.<br>"Constitution framed & passed is the annual meeting held 24th May 1958 at Cambay".<br>પી.ટી.આર. માંની ઉપરની નોંધ મુજબ સંઘનું બંધારણ મે ચેરીટી કમીશનરશ્રી દ્વારા માન્ય કરવામાં આવેલું છે.<br>(બંધારણની તથા પી.ટી.આર.ની નકલો આ સાથે રજુ છે).<br>મે. ચેરીટી કમીશનરશ્રી દ્વારા માન્ય કરેલ બંધારણની કલમ-૧૪(૧૧)(અ) નીચે મુજબ છે.<br>'બંધારણના નિયમોના અનુસંધાનમાં જે કાંઈ પેટા નિયમોની જરૂર પડે તો કાર્યવાહક સમિતિને પેટાનિયમો ઘડવાની સત્તા રહેશે. પરંતુ બંધારણમાં સુધાર-વધારા કરવાની સત્તા મહાસમિતિનેજ રહેશે અને તે વાર્ષિક | આ સાથે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાંઓ રજુ છે.<br>૧) ગુજરાત વાળંદ સેવા સંઘના બંધારણની નકલતા.૨૪-૫-૫૮.<br>૨) મે ચેરીટી કમીશનરશ્રી અમદાવાદ ની કચેરીમાં રાખવામાં આવતા પી.ટી.આર. રજીસ્ટરની નકલ તા. ૨૧-૫-૮૪.<br>૩) ગુજરાત વાળંદ સેવા સંઘના સુધારેલા બંધારણની નકલ તા. ૩-૧૦-૨૦૦૪.<br>૪) ચૂંટણી અંગેનું જાહેરનામું તા. ૧-૧૨-૦૭.<br>૫) ચૂંટણી અંગેની સામાન્ય સભાની જાહેર સૂચના તા. ૧-૧૨-૦૭.<br>૬) ચૂંટણી અધિકારી તરીકે શ્રી નારાયણભાઈ મ.વૈદ્યની નિમણુંક કરતો પત્ર તા. ૨૭-૧૧-૦૭.<br>૭) ચૂંટણી અંગેના દસ્તાવેજો મે. ચેરીટી કમીશનરશ્રી અમદાવાદને પહોચાડવા માટેના પત્રની નકલ તા. ૧-૧૨-૦૭. |

ફેરફાર તારીખ ૧૦/૧૨/૦૭

)શ્રી અમૃતલાલ ભીખાભાઈ વાળંદ
સી/૧૬૪ કર્મચારીનગર વિભાગ-૧,
ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧

૧૨) શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી
સી/૧૬, રામતીર્થ સોસાયટી,
જીવરાજપાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧

**પ્રકાશક**

૧૩) હરિભાઈ ખેમાભાઈ ભાટીયા
પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ
પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૦૬.

**કારોબારી સભ્યો**

૧) શ્રી બાલુભાઈ બબાભાઈ પારેખ
૬૫ નીલકમલ સોસાયટી, આયોજનનગર
પાસે, અમદાવાદ-૩૮૦૦૦૭

૨) શ્રી મુખચંદભાઈ મણીલાલ લિમ્બાચીયા
જી/૨, યોગેશ્વર ફ્લેટ, વસ્ત્રાપુર રેલ્વે
ક્રોસીંગ સામે, વેજલપુર, અમદાવાદ- ૫૧

૩) શ્રી બાબુભાઈ મણીલાલ નાયી
એમ/૨૬/૩૦૭ રામેશ્વર એપાર્ટમેન્ટ,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૩.

૪) શ્રી ચીમનભાઈ મગનભાઈ નાયી
૧૧, શિવશક્તિ સોસાયટી, કૃષ્ણસાગર
સોસાયટીની અંદર, વેજલપુર, અમદાવાદ-૫૧

૫) શ્રી ભનેશભાઈ રતીલાલ શર્મા
એ/૫, શિવાની એપાર્ટમેન્ટ, શિતલ સિનેમા
પાસે, નડીયાદ, જી. ખેડા.

૬) શ્રી મહેન્દ્રભાઈ ચુનીલાલ પારેખ
૧૦૦ દિવ્ય જયોત સોસાયટી, પવનચક્કી
રોડ, નડીયાદ-૩૮૭૦૦૨

૭) શ્રી હસમુખભાઈ ચીમનભાઈ પારેખ
૭૭, વ્યાસ વાડો, મહાદેવ મંદિર પાસે,
મુ. પેટલાદ, જી. આણંદ

૮) શ્રી જગદીશભાઈ બાબુલાલ વાળંદ
બી/૬, કંઠશીલ પાર્ક, જે.વી. પટેલ
આઈટીઆઈ સામે, આણંદ-સોજીત્રા રોડ,
કરમસદ, જી. આણંદ.

૯) શ્રી શાંતિભાઈ શનાભાઈ પારેખ
સી/૧, નંદનવન સોસાયટી, વૈશાલી સીનેમાની
પાછળ, પાણીની ટાંકી પાસે, નડીયાદ-
૩૮૭૦૦૨.

૧૦) શ્રી ભાનુપ્રસાદ બળદેવભાઈ પારેખ
૩૬, વિજયલક્ષ્મી સોસાયટી, નડીયાદ
કપડવંજ રોડ, જલારામ મંદિર પાસે,
નડીયાદ.

૧૧) શ્રી કાંતીલાલ કેશવલાલ વાજા
૧૫, વર્ધમાનનગર, ભૂયંગદેવ ચાર રસ્તા
પાસે, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ.

સામાન્ય સભામાં મંજુર કરવાના રહેશે.

બંધારણની ઉપર મુજબની જોગવાઈ મુજબ બંધારણમાં જરૂરી સુધારાવધારા કરવાની દરખાસ્ત ગુજરાત વાળંદ સેવા સંઘની અમદાવાદ મુકામે તા. ૩-૧૦-૨૦૦૪ ના રોજ મળેલ કારોબારીએ સર્વાનુમતે મંજુર કરી ગુજરાત વાળંદ સેવા સંઘની મહાસમિતિને બંધારણના નિયમ-૧૪ (૧૧)(અ) મુજબ મોકલી આપેલ. આ સુધારા વધારાની દરખાસ્તને ગુજરાત વાળંદ સેવા સંઘની મહાસમિતિએ તેમને મળેલા બંધારણીય અધિકારની રૂઈએ મહાસમિતિની તા. ૩-૧૦-૦૪ ની મીટીંગમાં સર્વાનુમતે મંજુર કરેલ છેઅને આ સુધારાવધારાની દરખાસ્તે ગુજરાત વાળંદ સેવા સંઘની સામાન્ય સભાએ તા. ૩-૧૦-૦૪ ના રોજ તેમને મળેલા અધિકારની રૂઈએ સર્વાનુમતે બહાલી આપી મંજુર કરેલ છે. બંધારણમાં સુધારાવધારા કરવાની પ્રક્રિયાને તેમજ બંધારણમાં કરવામાં આવેલા સુધારા વધારાને આજદિન સુધી ગુજરાત વાળંદ સેવા સંઘના કોઈ સભ્યે કે ગુજરાત વાળંદ સેવા સંઘમાં હિત ધરાવનાર કોઈ વ્યકિતએ સક્ષમ કોર્ટમાં પડકારેલ નથી. તેમજ કોઈ સક્ષમ કોર્ટે આજદિન સુધી કરવામાં આવેલા સુધારાને કોઈપણ કારણોસર નામંજુર કરેલ નથી.

આ સુધારેલા બંધારણમાં ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે બંધારણીય જોગવાઈઓ કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**૯) સંચાલન અને વહીવટ :**

(ક) સંઘની પ્રવૃત્તિને વેગ આપવા માટે તથા સફળ સંચાલન કરવા માટે સંઘની સામાન્ય સભા ૫ (પાંચ)

૮) તમામ પ્રકારના સભાસદો-મતદારોની યાદી જે સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર ચૂંટણીના જાહેરનામાં અનુસંધાને સંસ્થાના નોટીસબોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલી તે.

૯) ગુજરાત વાળંદ સેવા સંઘના માસિક મુખપત્ર 'વાળંદ વિકાસ' ના માહે નવેમ્બર ૨૦૦૭ ના અંકની નકલ.

૧૦) વાર્ષિક સભાસદ થવા માટેની અરજીના ફોર્મ.

૧૧) ક્રમાંક ૮-૯-૧૦ મે. ચેરીટી કમીશનરશ્રીને પહોચાડવાનો પત્ર તા. ૩-૧૨-૦૭.

૧૨) ચૂંટણીના જાહેરનામા પ્રમાણે તારીખ ૧૦-૧૨-૦૭ સુધી નોંધવામાં આવેલ સભાસદોની પુરવણી યાદી જે મે. ચેરીટી કમીશનરશ્રીને પહોચાડવામાં આવી તે પત્રની નકલ સાથે તા. ૧૧-૧૨-૦૭.

૧૩) તા.૨૨-૧૨-૦૭ ની સામાન્ય સભામાં શ્રી નારાયણભાઈ મ. વૈદ્ય ચૂંટણી અધિકારીશ્રીએ હોદ્દેદારો, કારોબારી સભ્યો, તથા મહાસમિતિ સભ્યો બીન હરિફ ચૂંટાયેલા જાહેર કર્યા તે જાહેરાતની નકલ. તા.૨૨-૧૨-૦૭

| | | | |
|---|---|---|---|
| ૧૨) શ્રી નટવરલાલ ગોવિંદલાલ જોટંગીયા [illegible]૪, દેવનંદન ફલેટ, ચાણકયપુરી ક્રોસીગ પાસે, આર.સી. ટેકનીકલ રોડ, અમદાવાદ.<br><br>૧૩) શ્રી મનુભાઈ નાથાલાલ ભાટીયા<br>૧૨, ચિનાર એપાર્ટમેન્ટ, રવિકૃપા સોસાયટી, વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.<br><br>૧૪) શ્રી નરસિંહભાઈ છગનભાઈ પાલડીયા<br>એ/૧૩૩, મીરાપાર્ક, નારાયણનગર વિભાગ-૨ ખોડીયારનગરની બાજુમાં, બાપુનગર, અમદાવાદ.<br><br>૧૫) શ્રી વિનોદભાઈ નરસિંહભાઈ વડોદરીયા<br>એ/૧૫, પૂર્ણ પુરૂષોત્તમ સોસાયટી વિ-૧, આદર્શ સ્કૂલ પાછળ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦<br><br>૧૬) શ્રી ચંદુલાલ મણીલાલ નાયી<br>સરસ્વતી બંગલોઝ, નાગલપુર, મહેસાણા-૩૮૪૦૦૦૨.<br><br>૧૭) શ્રી સત્ય પ્રકાશ ત્રિકમભાઈ નાયી<br>જી-૨૩, સ્વામીનારાયણ ફલેટ, બાપા સીતારામ ચોક, હરિધામ રોડ, નવા નરોડા, અમદાવાદ. | ૧૮) શ્રી નટવરલાલ કાંતીલાલ લીમ્બાચીયા<br>ઈ/૧૦, કેશવ એપાર્ટમેન્ટ, તળાવની સામે, પંચાયત ઓફિસની સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨<br><br>૧૯) શ્રી શૈલેષ ચંદુલાલ લીમ્બાચીયા<br>એફ/૧૦૪, નિલકંઠ પાર્ક, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.<br><br>૨૦) શ્રી કાંતીલાલ હરગોવનદાસ પારેખ<br>૩, મધુવન પાર્ક સોસાયટી, દક્ષિણી સોસાયટી, ઓવરબ્રીજની પાસે, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.<br><br>૨૧) શ્રી ભરતભાઈ લીલાચંદ નાયી<br>અલંકાર હેર ડ્રેસર્સ, નારણપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩<br><br>૨૨) શ્રી બબલભાઈ કેવળદાસ લીમ્બાચીયા<br>એમ/૬૫/૩૮૬ પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.<br><br>૨૩) શ્રીમતી નિતાબેન હીરાલાલ શર્મા<br>૪૫, રામદેવકૃપા સોસાયટી, જડેશ્વર મહાદેવ પાસે, આદિનાથનગર ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫. | વર્ષની મુદત માટે સીધી ચૂંટણીથી નીચે જણાવેલ હોદ્દેદારોની નિમણુંક કરશે. (૧) પ્રમુખ (૨) પાંચ ઉપપ્રમુખ (૩) બે મંત્રીઓ (૪) બે સહમંત્રીઓ (૫) કોષાધ્યક્ષ (૬) આંતરિક અન્વેષક (૭) સંઘના મુખપત્રના તંત્રી (૮) સંઘના મુખપત્રના પ્રકાશક.<br><br>**(ખ) કારોબારી** : સંઘના વહીવટ અને સંચાલનને અસરકારક બનાવવા માટે સંઘની સામાન્ય સભા પાંચ વર્ષના સમય માટે સીધી ચૂંટણીથી સંઘના હોદ્દેદારો ઉપરાંત બીજા ૩૧ સભાસદોની બનેલી કારોબારીની નિમણુંક કરશે અથવા ચૂંટણી કરશે.<br><br>**(ગ) મહાસમિતિ** : સંઘના વહીવટ અને સંચાલનને અસરકારક બનાવવા માટે સંઘની સામાન્ય સભા પાંચ વર્ષના સમય માટે હોદ્દેદારો તથા કારોબારીના સભાસદો ઉપરાંત ૧૦૧ સભાસદોની બનેલી મહાસમિતિના સભાસદોની નિમણુંક કરશે અથવા ચૂંટણી કરશે. આ ઉપરાંત સંઘના બંધારણની કલમ-૩(ઝ) મુજબ જે મંડળ સંઘ દ્વારા સ્થાપવામાં આવેલ મહામંડળનું સભ્યપદ પ્રાપ્ત કરશે તેના બે પ્રતિનિધિઓને મહાસમિતિના સભાસદો ગણવામાં આવશે. આ તમામ સભાસદો મહાસમિતિની તમામ પ્રકારની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે અને મતદાન પણકરી શકશે.<br><br>ઉપર જણાવેલી બંધારણની જોગવાઈઓ ઉપરાંત ચૂંટણી માટે નીચે મુજબની બંધારણીય જોગવાઈઓ છે. | ૧૪) ચૂંટણી અધિકારશ્રીની જાહેરાતને સામાન્ય સભાએ સર્વાનુમતે મંજુર કરેલી તે અંગેનો સામાન્ય સભાએ કરેલ ઠરાવની નકલ (ઠરાવ નં. ૩) તા. ૨૨-૧૨-૦૭.<br><br>૧૫) આ સાથે નવા ચૂંટાયેલા હોદ્દેદારો કારોબારી સભ્યો તથા મહાસમિતિના સભ્યોના સંમતિ પત્રકો સામેલ કરવામાં આવ્યા છે. |

૨૪) શ્રી હરેશભાઈ વાઘજીભાઈ પારેખ
જલદર્શન પાર્ક સોસાયટી,
નવરંગ સ્કૂલ પાસે, ઓઢવ,
અમદાવાદ-૩૮૨૪૧૫

૨૫) શ્રીમતી ચંદ્રીકાબેન નાનુભાઈ વાજા
જી/૧૨, મહાવીરબાગ એપાર્ટમેન્ટ,
શ્રેયસ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૧૫

૨૬) શ્રી ભૂપેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પારેખ
૧૩૭/૧૬૩૮, કર્ણાવતી એપાર્ટમેન્ટ,
પારસનગર, ૧૩૨ ફુટ રીંગ રોડ,
સોલા રોડ, અમદાવાદ-૬૩.

૨૭) શ્રી હિરાભાઈ સોમાભાઈ શર્મા
એ/૨૨ ગાયત્રી સોસાયટી,
રાજપુર રોડ, મુ. બાલાસિનોર, જી. ખેડા
પીનકોડ-૩૮૮૨૫૫

<u>મહાસમિતિના સભ્યો</u>

૧) શ્રી અંબાલાલ ઈશ્વરલાલ વૈદ્ય
૧, જય ગાયત્રી સોસાયટી, ગોદાવરી ફ્લેટ
પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

૨) શ્રી અમૃતલાલ રણછોડલાલ પારેખ
૬૩૯, મુખીવાસ, રાધાકૃષ્ણ મંદિર પાસે,
નવા વાડજ, અમદાવાદ-૧૩

૩) શ્રી જગદીશભાઈ મથુરભાઈ શર્મા
૧૪ જયસોમનાથ, રાધાકુંજ સોસાયટી
પીજરોડ, નડીયાદ-૩૮૭૦૦૨

૪) શ્રી કૌશિકભાઈ પુનમભાઈ ગાંધી
જવાહર શેરી, મુ.પેટલાદ, જી. આણંદ.

૫) શ્રી રામચંદ્ર શનભાઈ પારેખ
૭૦, નારીયા પાડા, પેટલાદ, જી. આણંદ.

૬) શ્રી રમેશચંદ્ર અંબાલાલ વાળંદ
દૂધની ડેરીની બાજુમાં, મુ. મંજીપુરા, પો.
ડભાણ, તા.નડીયાદ, જી. ખેડા.

૭) શ્રી દિલિપભાઈ મથુરભાઈ શર્મા
મુ.પીપળાતાં, ઠે. બ્રાહ્મણપોળ, તા. નડીયાદ,
જી. ખેડા.

૮) શ્રી વિજય ચંદુભાઈ પારેખ
૩૩, યમુના કોલોની, રેલ્વે સ્ટેશન પાછળ,
નડીયાદ, જી. ખેડા.

૯) શ્રી પ્રદિપ અંબાલાલ પારેખ
વાળંદની ખડકી, ચોકસી બજાર, મુ. પેટલાદ,
જી. આણંદ.

૧૦) શ્રી રતિલાલ મગનલાલ વાળંદ
૧૪ ગૌરીપૂજા સોસાયટી, યોગી આશીષ
નિર્ણયનગર પાછળ, પોસ્ટ-રાણીપ,
અમદાવાદ-૩૮૨૪૮૦

**૧૪) ચૂંટણી :**

સંઘના હોદ્દેદારોની, કારોબારીની, મહાસમિતિની અને ટ્રસ્ટીઓની ચૂંટણી રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એક્ટ-૧૯૫૧ તથા કન્ડકટ ઓફ ઈલેક્શન રૂલ્સ-૧૯૬૦ ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવશે.

બંધારણની નકલ આ સાથે સામેલ છે.

ઉપર જણાવેલી બંધારણની જોગવાઈઓને લક્ષમાં રાખીને સંઘના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા મહાસમિતિના સભ્યોની ચૂંટણી કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

(૧) ગુજરાત વાળંદ સેવા સંઘની સામાન્ય સભાએ તા. ૩-૧૦-૦૪ ના રોજ મંજુર કરેલ બંધારણના સુધારા-વધારા મુજબ બંધારણની કલમ-૧૪ મુજબ સંઘના હોદ્દેદારોની, કારોબારીની તથા મહાસમિતિની ચૂંટણી કરવાના હેતુ સંબંધે તા. ૨૨ ડીસેમ્બર, ૨૦૦૭ ને શનિવારના રોજ સવારે ૧૧-૦૦ વાગે ગુજરાત વાળદ સેવા સંઘ સંચાલિત રેવાબા સાંસ્કૃતિક હોલ પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬ મુકામે ચૂંટણી યોજવાનું નકકી કરતું ચૂંટણી અંગેના સમગ્ર કાર્યક્રમ અંગેનું 'ચુંટણી અંગેનું' જાહેરનામું તા. ૧-૧૨-૦૭ ના રોજ બહાર પાડવામાં આવ્યું. જેની નકલ આ સાથે સામેલ છે.

વધુમાં આ જાહેરનામું ગુજરાત વાળંદ સેવા સંઘના મુખપત્ર-માસિક 'વાળંદ વિકાસ' ના માહે નવેમ્બર-૨૦૦૭ ના અંકમાં બહોળા ફેલાવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું. તેમજ જાહેરનામાની નકલ મે. ગુજરાત રાજયના ચેરીટી કમીશનરશ્રી, મીરઝાપુર,

| | | | |
|---|---|---|---|
| ૧૧) શ્રી નવનીતકુમાર હરગોવિંદભાઈ ભાટીયા<br>૧૭૮, મનસુખનગર, નોબલ સ્કૂલની બાજુમાં, કૃષ્ણનગર, અમદાવાદ.<br><br>૧૨) શ્રી ગીરીશભાઈ કોહ્યાભાઈ ભાટીયા<br>જલારામ નિવાસ, ૫ શ્રીજીબાગ સોસયટી, જનતાનગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧<br><br>૧૩) શ્રી ભરતકુમાર દેવાભાઈ લીમ્બાચીયા<br>૫૬/૬૬૩ અંબિકા એપાર્ટમેન્ટ,<br>ટેલિફોન એક્ષચેન્જ પાછળ, ૧૩૨' રીંગ રોડ<br>નારણપુરા, અમદાવાદ-૧૩.<br><br>૧૪) શ્રી ડાહ્યાભાઈ વિઠ્ઠલદાસ લીમ્બાચીયા<br>૨૫ શ્રી સાબરમતી પાર્શ્વનગર સોસાયટી,<br>ગીતાંજલીનગર, આઈઓસી ગેટ પાસે,<br>સાબરમતી, અમદાવાદ<br><br>૧૫) શ્રી પ્રમુખલાલ મોતીલાલ પારેખ<br>૭૬, ઉભીપટ્ટી, રૂપાપરી, દરિયાપુર,<br>અમદાવાદ-૧.<br><br>૧૬) શ્રી હિરાલાલ માણેકલાલ પારેખ<br>૮, દેવાંશી સોસાયટી, સ્વસ્તીક સ્કૂલ પાસે,<br>નવા વાડજ, અમદાવાદ-૧૩.<br>૧૭) શ્રી દલસુખભાઈ નરભેરામ સંખારીયા<br>૬૫, ગિરજાસુત સોસાયટી, (ગિરિરાજ-૨)<br>રેલ્વે બ્રીજની પાસે, ચાંદલોડીયા, અમદાવાદ. | ૧૮) શ્રી હરગોવનભાઈ શંકરલાલ શર્મા<br>સી/૪, આનંદ બાગ સોસાયટી, અલકાપુરી સામે, ઘાટલોડીયા, અમદાવાદ.<br><br>૧૯) શ્રી જયંતિલાલ નાથાલાલ ભાટીયા<br>વૃંદાવન સોસાયટી, માર્કેટ યાર્ડ પાસે,<br>મુ. બાયડ, જી. સાબરકાંઠા.<br><br>૨૦) શ્રી વજુભાઈ લાલજીભાઈ વૈદ્ય<br>૧૩૮, તારંગા હિલ સોસાયટી<br>અર્જુન આશ્રમ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ<br><br>૨૧) શ્રી જયંતિલાલ નાગરદાસ નાયી<br>વેરાઈટી હેર ડ્રેસર્સ, કોમર્સ કોલેજ હોસ્ટેલ સામે, લીબર્ટી બસ સ્ટોપ પાસે, નવરંગપુરા, અમદાવાદ.<br><br>૨૨) શ્રી અશોકકુમાર કાંતીલાલ લીમ્બાચીયા<br>એમ/૨૨૧/૨૬૫૦ પ્રતિક્ષા એપાર્ટમેન્ટ,<br>સોલા રોડ, નારણપુરા, અમદાવાદ.<br><br>૨૩) શ્રી ગોપાલદાસ ત્રિકમદાસ નાયી<br>સી-૪, મેઘનાથ સોસાયટી,<br>નવનિર્માણ સ્કૂલ પાસે, રાણીપ, અમદાવાદ.<br><br>૨૪) શ્રી અંબાલાલ ઈશ્વરલાલ લીમ્બાચીયા<br>૧/૩/૫૬, કૃષ્ણબાગ ચાલી, ખોખરા,<br>બિહારીમીલ સામે, અમદાવાદ. | અમદાવાદ-૧ તરફ મોકલવામાં આવી તેમજ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું. આ જાહેરનામા સાથે સાથે 'ચૂંટણી અંગેની સામાન્ય સભાની જાહેર સૂચના પણ તા. ૧-૧૨-૦૭ ના રોજ બહાર પાડવામાં આવી અને આ જાહેર સૂચના ગુજરાત વાળંદ સેવા સંઘના દફતરે નોંધાયેલ તમામ આજીવન સભ્યો તથા વાર્ષિક સભ્યોને પહોચાડવામાં આવી. આ જાહેર સૂચનાની નકલ પણ આ સાથે સામેલ છે.<br><br>આ અગાઉ તા.૨૨-૧૨-૦૭ ના રોજ યોજવામાં આવેલ ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે જવાબદારી સંભાળવામાં માટેનો ચૂંટણી અધિકારીશ્રી નારાયણભાઈ મ.વૈદ્યની નિમણુંક કરતો પત્ર તા. ૨૭-૧૧-૦૭ ના રોજ તેમને લખી તેમની સંમતિ મેળવી લેવામાં આવી જેની નકલ આ સાથે સામેલ છે.<br><br>ઉપર મુજબ ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરતા કાગળો દસ્તાવેજો એટલે કે (૧) ચૂંટણી અંગેનું જાહેરનામું (૨) ચૂંટણી અંગેની સામાન્ય સભાની જાહેર સૂચના (૩) દૈનિક ગુજરાત સમાચાર 'પત્રમાં ચુંટણી અંગેની જાહેરાત તથા (૪) સમગ્ર ચૂંટણીના સંચાલનમાટે ચૂંટણી અધિકારીની નિમણુંક કરતો પત્ર, વિગેરે કાગળોને મે. ચેરીટી કમીશનરશ્રીની મીરઝાપુર, અમદાવાદ-૧ ખાતેની કચેરીમાં એક પત્ર સાથે પહોચાડી તે બદલ મે. ચેરીટી કમીશનરશ્રીની કચેરીની પહોંચ મેળવી લેવામાં આવી જેની નકલ આ સાથે સામેલ છે. | |

| | | | |
|---|---|---|---|
| ૨૫) શ્રી ભોગીલાલ મોહનલાલ નાયી<br>[illegible]ર-૫/૧૬૦, નિર્ણયનગર, ચાંદલોડીયા રોડ, અમદાવાદ.<br><br>૨૬) શ્રી મુખચંદભાઈ કેવળદાસ લીમ્બાચીયા<br>એમ/૨૮/૧૬૩, પ્રગતિનગર, ગુ.હા.બોર્ડ, નારણપુરા, અમદાવાદ-૧૩.<br><br>૨૭) શ્રી અશ્વિનભાઈ નારણદાસ શર્મા<br>૧૪, સુકૃતિ ટેનામેન્ટ, સાંઈબાબા મંદિર સામે, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.<br><br>૨૮) શ્રી બુધ્ધિસાગર ડાહયાભાઈ શર્મા<br>૫, સોમનાથ સોસાય્ટી, વિ-૨, ઓઢવ, છોટાલાલની ચાલી પાસે, અમદાવાદ.<br><br>૨૯) શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાકટર<br>બી/૩૪૧, નિશિથ પાર્ક સોસાયટી, આદિનાથનગર, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫<br><br>૩૦) શ્રી વિઠ્ઠલભાઈ ભીખાભાઈ પારેખ<br>૧૪, સુકૃતિ સોસાયટી, સાંઈબાબા મંદિર સામે, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.<br><br>૩૧) શ્રી અશોક શાંતિલાલ પરમાર<br>એ/૩, પ્રભુકૃપા ફ્લેટ, ફતેપુરા, પોલીસ સ્ટેશન સામે, અમદાવાદ-૭. | ૩૨) શ્રી ગિરીશભાઈ ભીખાભાઈ ભાટીયા<br>પોલો ગ્રાઉન્ડ, નારણસિંહ ગુલાબસિંહના મકાનમાં, હિંમતનગર, સાબરકાંઠા.<br><br>૩૩) શ્રી જશભાઈ નરસિંહભાઈ પારેખ<br>પીજરોડ, સી-૪, કર્મચારીનગર, નહેરૂનગરની બાજુમાં, નડીયાદ.<br><br>૩૪) શ્રી પ્રવિણભાઈ દામજીભાઈ ગોંડલીયા<br>એ/૨૪, આમંત્રણ બંગલોઝ, આરોહી કલબ રોડ, બોપલ-ધુમા, અમદાવાદ-૫૮.<br><br>૩૫) શ્રીમતી મનોરમાબેન કિરીટભાઈ ભટ્ટી<br>બી/૪૩, સૂર્યવન એપાર્ટમેન્ટ, જજીસ બંગલા ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૧૫.<br><br>૩૬) ડૉ.શ્રી જયેશભાઈ વાઘજીભાઈ પારેખ<br>ગુરૂકૃપા, દર્શન સોસાયટી સામે, ઓઢવ, અમદાવાદ. | ઉપર જણાવ્યા ઉપરાંત મે. ચેરીટી કમીશનરશ્રી મુ. અમદાવાદની મૌખિક સૂચના અનુસાર તા. ૩-૧૨-૦૭ ના રોજ તેમની કોર્ટમાં નીચે મુજબના કાગળો દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.<br><br>(૧) તમામ પ્રકારના સભાસદોની મતદારોની યાદી જે સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર ચૂંટણીના જાહેરનામા અનુસંધાને સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેની નકલ.<br>(૨) ગુજરાત વાળંદ સેવા સંઘના માસિક-મુખપત્ર, વાળંદ વિકાસના માહે નવેમ્બર, ૨૦૦૭ ના અંકની નકલ જેમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ.<br>(૩) વાર્ષિક સભાસદ થવા માટેની અરજીના ફોર્મ.<br>ઉપર જણાવેલ તમામ કાગળોની નકલો આ સાથે સામેલ છે.<br>ત્યાર બાદ મે ચેરીટી કમીશનરશ્રી, અમદાવાદની સૂચના અનુસાર ચૂંટણી અંગેના જાહેરનામાના પેરા-૩ માં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં તા.૧૦-૧૨-૦૭ સુધી સભાસદોની નોંધણી કરવામાં આવેલ તેવા આજીવન તેમજ વાર્ષિક સભાસદોની પુરવણી યાદી પણ મે. ચેરીટી કમીશનરશ્રીની કચેરીમાં તા. ૧૧-૧૨-૦૭ ના રોજ રજુ કરવામાં આવેલ. જે પત્ર સાથે પુરવણી યાદી રજુ કરેલ તે પત્રની નકલ આ સાથે રજુ કરેલ છે.<br><br>ચૂંટણી અંગેના જાહેરનામામાં દર્શાવ્યા પ્રમાણેની તમામ પ્રક્રિયાઓ પુરી કર્યા બાદ ચૂંટણીની નિર્ધારીત તા. ૨૨-૧૨-૦૭ ના રોજ સંસ્થાના માન્ય ૬૩૨ સભાસદોની અભૂતપૂર્વ હાજરીમાં સામાન્ય સભાની કાર્યવાહી શરૂ કરવામા આવેલી. | |

| | | | |
|---|---|---|---|
| | | સામાન્ય સભામાં ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલા શ્રી નારાયણભાઈ એમ. વૈદ્ય હોદ્દેદારો, કારોબારી તથા મહાસમિતિના સભાસદોની ચૂંટણી સંબંધેની ચૂંટણીના જાહેરનામાં દર્શાવ્યા મુજબની તમામ પ્રક્રિયા સંતોષકારક રીતે પૂર્ણ કરી તેની તથા તેના પરિણામની જાહેરાત કરી ચૂંટણી અધિકારીની જાહેરાતની નકલ આ સાથે સામેલ છે.<br><br>સામાન્ય સભામાં ચૂંટણી અધિકારી શ્રી નારાયણભાઈ મ. વૈદ્યે જે જાહેરાત કરી તેમણે જાહેર કરેલા હોદ્દેદારો-કારોબારી સભાસદો તથા મહાસમિતિના સભાસદોના નામોને ઉલ્લાસભેર વધાવી લેવામાં આવ્યા અને સામાન્ય સભાએ પોતાના ઠરાવ ક્રમાંક ૩ થી હોદ્દેદારો, કારોબારી સભાસદો તથા મહાસમિતિના સભાસદોને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. સામાન્ય સભાના ઠરાવની નકલ આ સાથે સામેલ છે. (ઠરાવ નં. ૩)<br>ઉપર જણાવવામાં આવેલ ફેરફારના પ્રકારની તમામ હકીકતો તથા ફેરફારના વિગતવાર કારણો તથા તેની સાથે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ આ ફેરફાર રિપોર્ટ તાત્કાલિક મંજુર કરવામાટે મહેરબાની કરશોજી.<br><br>તા. /૦૨/૨૦૦૮<br>14 FEB 2008<br>પ્રમુખ<br>ગુજરાત વાળંદ સેવા સંઘ<br>અમદાવાદ. | |

નકલ ખર્ચ રૂા.
મુકાબલા ખર્ચ રૂા. ૧૦-૫૦
પેપર ખર્ચ રૂા. ૧૦-૫૦
કુલ ખર્ચ રૂા. ૨૧-

જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
અમદાવાદ

નકલ કરનાર
મુકાબલા કરનાર
શબ્દો